## CCC રજીસ્ટ્રેશન માટે અગત્યની સૂચનાઓ

૧. ઓનલાઇન રજીસ્ટ્રેશનમાં ઉમેદવારોએ પોતાનું નામ (સર્વિસબુક પ્રમાણે) આપવાનુ રહેશે.

૨. એક વખત ફોર્મ ઓનલાઇન સબમિટ થયા પછી કોઇ જ માહિતી બદલી શકાશે નહી.

૩. સ્ટેપ-૨ મા દર્શાવેલ પ્રિન્ટેડ રજીસ્ટ્રેશન ફોર્મમાં **૧) ઉમેદવારે પોતાની સહી તથા ૨)પોતાની ઓફીસનો સિક્કો અને ૩) ખાતાના વડા/આચાર્યની સહી તથા સિક્કો** કરવાના રહેશે. આ સહી તથા સિક્કા વગરના ફોર્મ સ્વીકારવામા આવશે નહી.

૪. રજીસ્ટ્રેશન ફી રૂ. ૧૦૦/- (માત્ર થીયરી પરીક્ષા માટે), રૂ. ૧૦૦/- (માત્ર પ્રેકટીકલ પરીક્ષા માટે), રૂ. ૨૦૦ (થીયરી અને પ્રેકટીકલ પરીક્ષા માટે) છે, જે ઉમેદવારે સ્ટેપ-૧ મા દર્શાવેલ લિંક પરથી ઓનલાઇન ફી ભરવાની રહેશે.

૫. ઓનલાઇન સ્ટેપ-૨ના પ્રિન્ટેડ રજીસ્ટ્રેશન ફોર્મમાં જો ફોટો સ્પષ્ટ દેખાતો નહી હશે તથા એક કરતા વધારે એપ્લીકેશન ફોર્મ ભરેલ હશે તો તેમનું ફોર્મ રદ કરવામાં આવશે.

૬. રજીસ્ટ્રેશન ફોર્મ તથા કચેરી તરફથી મળેલ ઓળખપત્રમાં નામ સરખું હોવું જરૂરી છે. જો નામ માં તફાવત હશે તો અરજી સ્વીકારવામાં આવશે નહી.

૭. ઓનલાઇન ફોર્મ સબમીટ વખતે અપલોડ કરવાના ડોક્યુમેન્ટસ નીચેમુજબના હોવા જોઇએ.

(A) ઓરીજીનલ "VNSGU – CCC Examination Form" પ્રિન્ટ આઉટ તેમા ૧) ઉમેદવારની સહી તથા ૨) પોતાની ઓફીસનો સિક્કો અને ૩) ખાતાના વડાની સહી અને સિક્કા સાથે હોવુ જોઇએ.

(B) ઓળખપત્ર ની નકલ (હાલની સર્વિસનું ઓળખ-પત્ર) (ઓફીસ આઇ-કાર્ડ) તેમજ એપોઇન્ટમેન્ટ લેટર ની નકલ.

૮. દરેક ઉમેદવારે **પરીક્ષા દરમ્યાન સર્વિસનું ઓળખ પત્ર (ઓફીસ આઇ-કાર્ડ), લાઇસન્સ, આધારકાર્ડ, પાસપોર્ટ, ઇલેકશન-કાર્ડ અથવા પાનકાર્ડ (આ બધામાથી કોઇ એક ઓરીજીનલ)** ફરજીયાત લાવવાનું રહેશે.

૯. પરીક્ષાનું કેન્દ્ર યુનિવર્સિટીની વેબસાઇટ **(www.vnsgu.ac.in)** ઉપર મુકવામાં આવશે.

૧૦. **સી.સી.સી રજીસ્ટ્રેશન ફોર્મમાં તથા અન્ય કોઇ સમસ્યા હોય તો ccc@vnsgu.ac.in** ઉપર ઇ-મેલ કરવાનો રહેશે.

૧૧. **CCC પરિક્ષાનુ ફોર્મ તથા ફી ઓનલાઇન ભરવાની રહેશે. ફોર્મની હાર્ડ કોપી કોઇ પણ જગ્યાએ જમા કરવાની નથી. હાર્ડ કોપી માત્ર પરિક્ષાના દિવસે પરીક્ષા ખંડમાં જમા કરાવવાની રહેશે. તેમજ સર્વીસનુ ઓળખ પત્ર/ઓફીસ આઇ-કાર્ડ વેરીફાય કરાવ્યા બાદ જ પરિક્ષા ખંડમાં પ્રવેશ મળશે.**

૧૨. **ગુજરાત સરકારશ્રીનાં સરકારી કર્મચારીઓ કે જેમની ઓફીસ કે શાખા દક્ષિણ ગુજરાત (ભરુચ, ડાંગ, તાપી, સુરત, વલસાડ અને નવસારી જીલ્લા) મા હોય તેવા કર્મચારી જ ફોર્મ ભરી શકશે. અન્ય જેવા કે પ્રાઇવેટ સ્કુલ, પ્રાઇવેટ કોલેજ, કે પ્રાઇવેટ ઓફીસ વાળા ઉમેદવારો ફોર્મ ભરી શકશે નહી.**

**All rights for CCC Admission and Examination are Reserved by VNSGU.**